# રાજકોટ કોર્ટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી પોકળ પૂરવાર



તસવીર : દિલિપ ગોહેલ

## છ માસમાં બીજી વખત ધમકીભર્યો ઈમેઈલ આવ્યો : પોલીસે ત્રણ કલાકથી વધુ કોર્ટનો ખૂણેખૂણો ચેક કર્યો, ઈમેઈલ કરનારને પકડવામાં પોલીસ નિષ્ફળ

રાજકોટઃ

રાજકોટના જામનગર રોડ પર બનેલી નવી કોર્ટને આરડીએક્સથી ઉડાડી દેવાની ધમકીભર્યો ઈમેઈલ મળતાં એસઓજી, ક્રાઈમ બ્રાંચ, બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડ, ક્યુઆરટી અને ગાંધીગ્રામ-૨ પોલીસની ટીમ અને અધિકારીઓ ધસી ગયા હતાં. તત્કાળ વકીલો, અસીલો અને જ્યુડીશીયલ ઓફિસરોને સલામત રીતે બહાર મોકલી દીધા બાદ કોર્ટના ખૂણેખૂણાનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. ધારણા મુજબ જ ધમકી પોકળ પૂરવાર થઈ હતી. છએક માસ પહેલા પણ રાજકોટ કોર્ટને બોમ્બથી ઉડાડી દેવાની આ જ રીતે ઈમેઈલ દ્વારા ધમકી મળી હતી. રાજ્યની અન્ય કોર્ટોને પણ આ રીતે જ ધમકી મળ્યાનું બહાર આવ્યું છે.

રાજકોટ કોર્ટના સત્તાવાર ઈમેઈલ આઈડી ઉપર મળેલા ઈમેઈલમાં જણાવાયું હતું કે જેટકો, જીઈઓના તામિલનાડુમાં પ્રદર્શનને કારણે ડીએમકે કોર્ટમાં ચાલતા સ્થાનિક મુદ્દાઓ ઉપરથી ધ્યાન હટાવવા માગે છે. જેને કારણે અગાઉના એલટીટીઈના મેમ્બરે કાશ્મીરના આઈએસકેપીના મેમ્બર સાથે મળી તમારી કોર્ટોને નિશાન બનાવવાનું નક્કી કર્યું છે. જેના પગલે ત્રણ આરડીએક્સ-આઈઈડી કોર્ટ બિલ્ડિંગમાં મૂકવામાં આવ્યા છે. એકથી બે સભ્યો આવીને કોર્ટ બિલ્ડિંગ નજીકથી રિમોટ કંટ્રોલથી બ્લાસ્ટ કરશે. જો કોઈ કારણસર વિસ્ફોટકો એક્ટિવ નહી થાય તો આ સભ્યો અંદર જઈ બ્લાસ્ટ કરશે. ઈમેઈલ ઉપર મોહમ્મદ વિક્રમ રાજ્યગુરૂ જ્યારે ઈમેઈલ નીચે મોહમ્મદ અસ્લમ વિક્રમ (તામિલ લિબરેશન મૂવમેન્ટ-ટીએલઓ) લખેલુ છે.

સવારે ૧૧ વાગ્યાથી પોલીસે કોર્ટમાં જઈ મોરચો સંભાળી લીધો હતો. ત્રણેક કલાક સુધી કોર્ટનો ખૂણેખૂણો ચકાસી લીધા બાદ ધમકી પોકળ પૂરવાર થઈ હતી. પરંતુ આ સમગ્ર ઘટનાક્રમને કારણે કોર્ટની કાર્યવાહી થોડાક કલાકો માટે પ્રભાવિત થઈ હતી.

ગત જૂન માસમાં પણ રાજકોટ કોર્ટને આ જ રીતે બોમ્બથી ઉડાડી દેવાનો ધમકીભર્યો ઈમેઈલ મળ્યો હતો. જેમાં પણ તપાસના અંતે કાંઈ મળ્યું ન હતું. ગંભીર બાબત એ છે કે આ ઈમેઈલ કરનારને આજ સુધી પોલીસ પકડી શકી નથી. હવે નવા આવેલો ઈમેઈલ કોણે કર્યો તે દિશામાં સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી છે.

# રાજકોટના ઠેબચડામાં પતિએ ઝઘડો કરતા પત્નીનો ઝેર પી આપઘાતનો પ્રયાસ

## યુવાન પાડોશી પરિણીતા સાથે હોટલે નાસ્તા માટે જતાં પત્ની આવી ચડતા ભાંડો ફૂટ્યો

રાજકોટ,રાજકોટ શહેરની ભાગોળ આવેલા ઠેબચડા ગામે રહેતા યુવકને છેલ્લા દોઢ મહિનાથી પાડોશમાં રહેતી પરિણીતા સાથે આંખ મળી ગઈ હતી અને બંને ગઈ કાલે હોટલમાં ચા નાસ્તો કરતા હતા તે દરમિયાન યુવકની પત્નીએ રંગે હાથ ઝડપી વિડિયો ઉતારી ફોટા પાડ્યા હતા. જે મુદ્દે દંપતિ વચ્ચે ઝઘડો થતાં પરિણીતાએ ઝેરી દવા પી લીધી હતી. આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના ઠેબચડા ગામે રહેતી રાધાબેન મનસુખભાઈ ડાભી નામની ૩૦ વર્ષની પરિણીતા હરિભાઈની વાડીએ હતી ત્યારે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં રાધાબેન ડાભીને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે પતિ મનસુખભાઈ ડાભીને છેલ્લા દોઢ એક મહિનાથી પડોશમાં રહેતી પરિણીતા સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. ગઈકાલે મનસુખ ડાભી અને તેની પરિણીત પ્રેમિકા શિવ શક્તિ હોટલ ખાતે ચા નાસ્તો કરતા હતા. તે દરમિયાન રાધાબેન ડાભી શિવ શક્તિ હોટલ ખાતે આવી ચડી હતી અને પતિની પ્રેમલીલાનો ભાંડો ફોડવા વિડીયો ઉતારી ફોટા પાડ્યા હતા. જે મુદ્દે પ્રેમિકા સાથે રંગે હાથ ઝડપાયેલા પતિએ ઝઘડો કરતા રાધાબેન ડાભીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં દોઢ વર્ષની બાળાનું જંતુનાશક દવા પી જતાં મોત

## દીકરીને ઝનાના હોસ્પિટલમાં ખસેડી પરંતુ જીવ ન બચ્યો

રાજકોટ,રાજકોટ શહેરની ભાગોળે આજીડેમ નજીક આવેલા હડમતીયા ગોલીડા ગામે વાડીમા ખેત મજુરી કરતા શ્રમીક પરીવારની એક વર્ષની બાળા રમતા રમતા જીરૂમા છાટવાની દવાનો ઘુટડો પી જતા તેમનાં માતા-પિતાએ પુત્રીને સારવાર અર્થે રાજકોટની ઝનાના હોસ્પીટલમા ખસેડી હતી. પરંતુ ત્યા સારવાર દરમ્યાન બાળકીનુ મૃત્યુ નીપજતા પરીવારમા શોક છવાઇ ગયો છે.

વધુ વિગતો મુજબ રાજકોટના આજીડેમ નજીક આવેલા હડમતીયા ગોલીડા ગામમા રહેતા કમલેશભાઇ નામનાં યુવાનની ૧ વર્ષની દીકરી નાનકી જયદીપભાઇની વાડીએ રમતી હતી ત્યારે તેણીએ રમતા રમતા જીરુમા છાટવાની દવાની બોટલ હાથમા આવી જતા તેમણે એક ઘુટડો પી લીધો હતો અને બાદમા તેમનાં માતા-પિતા જોઇ જતા બાળકી પાસેથી આ બોટલ ઝુટવી લીધી હતી પરંતુ એ સમયે બાળકીને તબીયત લથડતા તેમણે સારવાર માટે રાજકોટ શહેરની ઝનાના હોસ્પીટલમા ખસેડવામા આવતા તેમનુ સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયુ હતુ .



પરીવારની પુછપરછમા જાણવા મળ્યુ હતુ કે મૃતક બાળકી એક ભાઇ બે બહેનમા વચેટ હતી અને તેમનાં માતા-પિતા જયદીપભાઇની વાડીએ ખેત મજુરી કરે છે તેમજ મૃતકનો પરીવાર મુળ મધ્યપ્રદેશનો વતની હોવાનુ જાણવા મળ્યુ છે માસુમ દીકરીનાં મૃત્યુથી પરીવારમા શોક છવાઇ ગયો છે.

# રાજકોટની માધાપર ચોકડી પાસે ઓટો રિક્ષામાં ગાંજા સાથે ત્રણ શખ્સો પકડાયા

રાજકોટ,

રાજકોટ માધાપર ચોકડી થી બેડી ચોકડી તરફ જતા હાઈવે રોડ ઉપર એલસીબી ઝોન-૨ની ટીમે ૩૭ હજારના માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. કેળાના વેપારીને ધંધામાં મંદી આવતા મિત્રો સાથે મળી ગાંજાનો વેપાર શરૂ કર્યો હતો અને ચોટીલાથી ગાંજો લાવી રાજકોટ આવ્યા ત્યારે એલસીબીએ ઝડપી લીધા હતા.

મળતી વિગતો મુજબ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા મિશન અંતર્ગત નાર્કોટીક્સ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા ઇસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા પોલીસ અધિકારીઓની સુચનાને પગલે એલ.સી.બી. ઝોન-૨ના પીએસઆઈ આર.એચ.ઝાલા અને તેમની ટીમ તથા ગાંધીગ્રામ પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ એચ.એન.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ઝોન-૨ની ટીમને મળેલી બાતમીને આધારે રાજકોટ માધાપર ચોકડી થી બેડી ચોકડી તરફ જતા હાઈવે રોડ મનહરપુરના મંદીરની સામે બાણધારી હોટલ આગળ એક ઓટો રીક્ષા રજી નં.જીજે-૦૩-એક્ષ-૮૬૯૬ ને અટકાવી તલાશી લેતા રિક્ષા માંથી માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો.

**કેળાના ધંધામાં મંદી આવતા વેપારીએ ગાંજાનો વેપલો શરૂ કર્યો**

રેલનગર મહારાણા પ્રતાપ ટાઉનશીપ આઇ વિંગ ફ્લેટ નં.૧૧,અ રહેતા કેળાના વેપારી અમીનશા યાસીનશા શાહમદાર તેમજ ભગવતીપરા ભારતપાનની સામે સદામભાઈ દલવાડીના મકાનમાં ભાડેથી રાજકોટ મુળ બગસરાના અરમાન રાજુભાઈ ખોખર તેમજ ભગવતીપરા બોરીચા સોસાયટી શેરી નં.૩માં રહેતા મોહસીન અલારખાભાઈ શાહમદારની ધરપકડ કરી રૂ.૩૭ હજારનો ૭૫૫ ગ્રામ ગાંજો તેમજ રિક્ષા સહીત રૂ.૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાથમીક પરીક્ષણ કરી એફ.એસ.એલ. અધિકારી સમીર જોષીએ અભિપ્રાય આપ્યો હતો.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે પકડાયેલ કેળાના વેપારી અમીનશા યાસીનશાહને ધંધામાં મંદી આવતા મિત્ર અરમાન રાજુભાઈ ખોખર અને મોહસીન અલારખાભાઈ શાહમદારની સાથે મળી ગાંજાનો વેપાર કરવા ચોટીલાથી ગાંજો લાવ્યો હોવાનું જણાવ્યું હતું.

આ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈની સુચનાથી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પી.આઈ એચ.એન.પટેલ સાથે એલસીબી ઝોન-૨ના પીએસઆઈ આર.એચ. ઝાલા તેમજ સ્ટાફના એ.એસ. આઇ. જયંતીભાઈ ગોહિલ, સલીમભાઈ મકરાણી, હરપાલસિંહ જાડેજા, તથા પો.હેડ કોન્સ.શકિતસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઈ વાઘિયા, રાહુલભાઈ ગોહેલ,તથા પો.કોન્સ. ફુલદીપસિંહ રાણા, પ્રકાશભાઈ સોલંકી,શીવભદ્રસિંહ ગોહિલ, ગાંધીગ્રામ પો.સ્ટે. ના પો.કોન્સ. રઘુવીરસિંહ ભરતસિંહ ,ભરતભાઈ રામજીભાઈ તથા ડ્રાઈવર શકિતસિંહ ઝાલાએ કરી હતી.

# તાલાલાના રિસોર્ટમાં દારૂની મહેફિલ માણતા રાજકોટના પાંચ નબીરા પકડાયા

## દારૂની બોટલ, કાર સહિત રૂા.૨૧.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત : રિસોર્ટ સંચાલક પણ પકડાયો

રાજકોટ,

ગીર સોમનાથ પોલીસે તાલાલાના એક રિસોર્ટમાંથી દારૂની મહેફિલ માણતા પાંચ વ્યક્તિઓ અને રિસોર્ટના સંચાલક સહિત કુલ છ લોકોને ઝડપી પાડ્યા છે. જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાજડીયા અને ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાની સૂચનાથી જિલ્લામાં જુગાર અને પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે એલ.સી.બી. અને એસ.ઓ.જી.ની ટીમો સતત પેટ્રોલિંગ કરી રહી છે.

બાતમીના આધારે, તાલાલાના ચિત્રોડ ગામની સીમમાં આવેલા 'લોટસ લક્ઝરી રિસોર્ટ' પર દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં કેટલાક ઈસમો દારૂની મહેફિલ માણી રહ્યા હતા. પોલીસે સ્થળ પરથી દારૂની મહેફિલ માણતા વ્યક્તિઓ અને રિસોર્ટના સંચાલકને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા રાજકોટના પાંચ વ્યક્તિઓમાં શુભમભાઈ ગોપાલભાઈ ડોડીયા (વેપારી, રહે. કુવાડવા રોડ, એલ.પી. પાર્ક), હર્ષભાઈ પ્રવીણભાઈ ધકાણ (ઉ.વ. ૨૩, પ્રા. નોકરી, રહે. કોઠારીયા કોલોની), તરંગભાઈ નરેશભાઈ કક્કડ (ઉ.વ.૨૩, પ્રા. નોકરી, રહે. રાજકોટ હુડકો સોસાયટી), વિશાલભાઈ ભરતભાઈ ધકાણ (ઉ.વ.૨૨, પ્રા. નોકરી, રહે. કોઠારીયા કોલોની) અને કિશનભાઈ મુકેશભાઈ ગોહેલ (ઉ.વ.૨૪, અભ્યાસ, રહે. ખોડીયાર કૃપા, કનક નગર) નો સમાવેશ થાય છે.આ ઉપરાંત, રિસોર્ટના સંચાલક આકાશભાઈ મહેશભાઈ ગુર્જર (ઉ.વ.૨૩, રહે. વિસાવદર, હનુમાનપરા) ને પણ ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે કુલ રૂ.૨૧,૭૬,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને તાલાલા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરી એલ.સી.બી.ના પી.આઈ.એસ.વી.રાજપૂત, એસ.ઓ.જી.ના ઇ.ચા.પી.આઈ. ડી.એમ. કાગડા, એલ.સી.બી.ના પી.એસ.આઈ. એ.સી. સિંધવ અને પી.એસ.આઈ. એચ.એલ. જેબલિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. એલ.સી.બી.ના એ.એસ.આઈ. સોનિંગસિંહ સિસોદિયા, હેડ કોન્સ્ટેબલ કૃષ્ણકુમારસિંહ સોલંકી અને એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. જીગ્નેશગીરી ગોસ્વામી તથા કોન્સ્ટેબલ કલ્પેશભાઈ વાઢેરે કરી હતી.

# મનપાના ઈસ્ટઝોનના આસી.ઈજનેર ઉપર હુમલો થતાં ઘેરા પ્રત્યાઘાતો પડયા : એજન્સીને બ્લેક લીસ્ટ કરવા આદેશ

રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકાના ઈસ્ટઝોનમાં ફરજ બજાવતા આસી.ઈજનેર ધવલ.બી.ગોલાણીયા ઉપર પેટા કોન્ટ્રાક્ટરે હુમલો કરી ફડાકી ઝીંકી દેતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા અને તમામ ઈજનેરોએ ધરણા પર બેસી ગઈકાલે રામધૂન બોલાવી ડે.કમિશનરને રજૂઆત કર્યા બાદ આજે મ્યુનિ.કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેન સહિતનાને ફરી રજૂઆત કરતા બનાવની ગંભીરતા સમજી આ પ્રકારના બનાવો રોકવા માટે સ્ટેન્ડિંગ ચેરમેન જયમીનભાઇ ઠાકરે એજન્સીને બ્લેક લીસ્ટ કરી પગલા લેવાની સુચના આપી હતી.



રાજકોટ મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોનમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ એન્જિનિયર પર પેટા કોન્ટ્રાકટર દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. પેવિંગ બ્લોકના કામના મેઝરમેન્ટ માટે નક્કી કરાયેલા સમય બદલાતા પેવિંગ બ્લોકના કામ કરતો પેટા કોન્ટ્રાક્ટર મનીષ વેકરિયા ઉશ્કેરાયો હતો અને ડેપ્યુટી ઈજનેરની ચેમ્બરમાં જ વોર્ડ નં. ૧૮ના આસિસ્ટન્ટ એન્જિનિયર ધવલ બી.ગોલાણિયા પર હુમલો કરી ફડાકા ઝીંકી દીધા હતા અને મનપાના ઈજનેરોએ વિરોધ કરી ગઈકાલે ડે.કમિશનરને રજૂઆત કરી તંત્ર ફરિયાદી બને તેમ જણાવેલ તેમજ આ પ્રકારના કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ પગલા લેવામાં આવે ત્યારબાદ આજે બપોરે ઈજનેર એસોસિએશન દ્વારા મ્યુનિ.કમિશનર અને સ્ટેન્ડિંગ ચેરમેનને આ મુદ્દે રજૂઆત કરતા સ્ટેન્ડિંગ ચેરમેને કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ શા માટે પગલા ન લેવા તે માટે નોટિસ ફટકારી એજન્સી બ્લેક લીસ્ટ કરવામાં કેમ ન આવે તે સુચના અધિકારીઓને આપતા ઈજનેરોએ હડતાલ મોકૂફ રાખવાની જાહેરાત કરી હતી અને આગામી દિવસોમાં કોન્ટ્રાક્ટરની દાદાગીરી જણાય ત્યારે તરુંત ડે.કમિશનરને આ બાબતથી વાકેફ કરવામાં આવે તેવુ એસોસિએશન દ્વારા નક્કી કરવામાં આવ્યુ હતું.

# રાજકોટ શાપર-વેરાવળમાં મિલકત બાબતે વૃધ્ધાનો એસીડ પી આપઘાતનો પ્રયાસ

## અગાઉ મારકૂટ કરતા શાપર પોલીસમાં અરજી કરી'તીઃ પુત્રએ પણ સામે અરજી કરી

રાજકોટ,

રાજકોટ શાપર-વેરાવળમાં રહેતા ૮૦ વર્ષિય વૃધ્ધાને પુત્ર અને પુત્રવધુ મિલકત બાબતે ત્રાસ આપતા હોય જેથી કંટાળી વૃધ્ધાએ એસિડ પી આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ શાપર-વેરાવળમાં સર્વોદય સોસાયટી શેરી ન.૧૪માં રહેતા કેશરબેન નથુભાઈ મકવાણા (ઉ.વ.૮૦)નામના વૃધ્ધાએ આજે સવારે પોતાના ઘરે એસીડ પી લેતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી શાપર-વેરાવળ પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં



કેશરબેનના પતિ નિવૃત્ત શિક્ષક છે. તેમને સંતાનમાં ત્રણ દીકરા અને એક દિકરી છે. મોટો દીકરો પ્રવિણ અને તેની પત્ની શાંનતાબેન મિલકત બાબતે ત્રાસ આપતા હોય અગાઉ પણ મારકૂટ કરી હતી. ત્યારે કેશરબેને પુત્ર અને પુત્રવધુ વિરૂધ્ધ શાપર પોલીસમાં અરજી કરી હતી.

બાદમાં પુત્ર પ્રવિણે પણ માતા વિરૂધ્ધ અરજી કરી હોય. આમ પુત્ર અને પુત્રવધુ મિલકત બાબતે ત્રાસ આપતા હોય જેથી કંટાળી વૃધ્ધાએ આ પગલું ભરી લીધાનું જણાવ્યુ હતું. આ અંગે શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વૃદ્ધાનો પુત્ર પ્રવિણ પણ શિક્ષક હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે શિક્ષક હોવા છતાં માતાને મિલકત બાબતે ત્રાસ આપતો હોય આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ફીનાઈલ પીધું

રાજકોટના જામનગર રોડ પર મનહરપુર-૨ માં રહેતા યુવાને ટેન્શનના કારણે પેડક રોડ પર સેટેલાઈટ ચોક પાસે બહેનના ઘર પાસે ફીનાઈલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા છે.

મળતી વિગત મુજબ રાજકોટના મનહરપુર-૨ માં રહેતા સુરેશભાઈ લાખાભાઈ અંગેચણીયા (ઉ.વ.૪૮) એ સવારે પેડક રોડ પર સેટેલાઈટ ચોક પાસે રહેતી તેની બહેનના ઘર પાસે ફીનાઈલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા છે.

# રાજકોટના રામનાથપરામાં વિદેશી દારૂ ભરેલી કાર સાથે બૂટલેગર ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે દારૂ, કાર મળી કુલ રૂ. ૬.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ,

રાજકોટ શહેરના રામનાથપરામાં નવયુગપરા વિસ્તારમાં ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી સ્વીફ્ટ કાર માંથી રૂ.૨.૭૮ લાખની ૮૬૪ બોટલ વિદેશી દારૂ સાથી એક શખ્સની ધરપકડ કરી રૂ.૬.૭૮ લાખનો મુદ્દમાલ કબજે કર્યો હતો.

મળતી વિગતો મુજબ દારૂના ધંધાર્થીઓ ઉપર તૂટી પડવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની સુચનાને પગલે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની રાહબરીમાં દારૂ અને જુગારની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ વી.ડી.ડોડીયાની ટીમના એ.એસ.આઈ. અમીતકુમાર અગ્રાવત, જયરાજભાઈ કોટીલા અને દિલીપભાઈ બોરીચાને મળેલ ચોક્કસ હકીકત આધારે રામનાથપરા જુની જેલ સામે નવયુગપરા શેરી નં.૨ ના ખુણે રોડ વોચ ગોઠવી સ્વીફ્ટ કાર નંબર જીજે-૧૦-એપી ૮૩૧૧ ને અટકાવી તલાશી લેતા તેમાંથી રૂ.૨.૭૮ લાખની ૮૬૪ બોટલ વિદેશી દારૂ અને કાર મળી રૂ.૬.૭૮ લાખનો મુદ્દમાલ કબજે કરી સાધુવાસવાણી રોડ ઉપર જનકપુરી



તસવીર : દિલિપ ગોહેલ

આવશ યોજના ક્વાટર્સ નંબર ૧૧૬૬ માં રહેતા દિલીપ શંકર પરમાર (ઉવ૨૨)ની ધરપકડ કરી હતી.

આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ એમ.આર.ગોંડલીયા સાથે પી.આઈ એમ.એલ.ડામોર પી.આઈ સી.એચ.જાદવ સાથે પીએસઆઈ વી.ડી.ડોડીયા તથા એ.એસ.આઈ. અમીતભાઈ અગ્રાવત, દિગ્પાલસિંહ જાડેજા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ચૌહાણ, દિલીપભાઈ બોરીચા, રાજેશભાઈ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઈ કોટીલા, સંજયભાઈ રપાપરા તથા વિશાલભાઈ દવેએ કરી હતી.

# રાજકોટમાં નાગેશ્વરના ટ્રાન્સપોર્ટના ધંધાર્થીનો ઝેરી દવા પી આપઘાત

રાજકોટ,રાજકોટના જામનગર રોડ પર આવેલા નાગેશ્વર પાસે શાંતિનગરમાં રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી વૃધ્ધએ માધાપર ચોકડી નજીક એબીડી હોટલ પાસે કોઇ કારણસર ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાતા તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

રાજકોટ શહેરના જામનગર રોડ પર નાગેશ્વર પાસે શાંતિનગર શેરી નં.૩ માં રહેતા હરસુખભાઈ પ્રભુદાસભાઈ વિઠ્ઠલાણી(ઉ.વ. ૭૧) નામના વૃધ્ધે ગઈકાલે સાંજે પોણા છ વાગ્યા આસપાસ બાઈક લઈ પોતાની ટ્રાન્સપોર્ટની ઓફિસથી ઘરે જતા હતા ત્યારે બેડી ચોકડી પાસે માધાપર ચોકડી હાઈવે પર એબીડી હોટલ નજીક કોઇ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેમને સારવાર માટે સિનર્જી હોસ્પિટલ ખસેડવામાં આવતા સારવાર દરમિયાન તેનું મોત થયું હતું

. તેમના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી જરૂરી પોલીસે કયાં કારણસર આ પગલું ભરી લીધું ? તે અંગે પરિવારજનો અજાણ હોય ગાંધીગ્રામ પોલીસે આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

**RAJKOT MUNICIPAL CORPORATION**

*Re-e*-TENDER Notice

Re-e-Tender No.RMC/SWM/2025-26/48 & 49

Rajkot Municipal Corporation invites different two e-Tenders from the experienced contractors Manpower Supply for Sweeping and Waste Collection from West Zone Ward No.01(Ghanteshwar) & Ward No.11(Motamava). The last date for downloading and submission of online e-Tenders as above is 23rd January 2026 up to 16.00 hours and 18.00 hours respectively. Whereas pre-bid meeting is scheduled on 12th January 2026. Please visit https://tender.nprocure.com/ or www.rmc.gov.in for further details.

Environment Engineer

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)